## વડીલોને વંદન અભિનંદન



શારદાબેન એન. સુથાર
(૧૯૫૪)મો.૯૮૨૫૧૭૦૫૦૫

## રક્તદાન મહાદાન

# ઊંઝામાં દારૂની બદી નાથવા કડક કાર્યવાહી : ચાર પોલીસ અધિકારી સસ્પેન્ડ

ઊંઝા, તા.૧૮

તાજેતરમાં ગાંધીનગર રેન્જની આર.આર. સેલે ઊંઝા વિસ્તારમાં દારૂ, જુગાર અંગે દરોડાઓ પાડી કાયદેસરની કરેલ કાર્યવાહીને પગલે સ્થાનિક પોલિસની ફરજમાં કથિત બેદરકારી છતી થતાં ગાંધીનગર રેન્જ આઈ.જી.પી.એ ઊંઝા પોલિસ મથકના પોલિસ ઈન્સ્પેકટર, પોલિસ સબ ઈન્સ્પેકટર અને બે એ.એસ.આઈ. સહિત ૪ પોલિસ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેતાં સ્થાનિક પોલીસ મથક સહિત સમગ્ર જિલ્લાના પોલિસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. રેન્જ આઈ.જી.પી.ના આ પગલાને ઊંઝા તાલુકાની બુદ્ધિજીવી વર્ગની પ્રજાએ આવકારેલ છે.

તાજેતરમાં ગાંધીનગર રેન્જની આર.આર. સેલ દ્વારા ઊંઝા વિસ્તારમાં ફુલી ફાલેલી દારૂ જુગારની ગેરકાયદે બદીને ડામવા માટે દરોડાઓ પાડયા હતાં. જેમાં આર.આર. સેલને સફળતા મળી હતી. આમ દારૂ અને જુગારના ગુનાઓમાં સ્થાનિક પોલિસની બેદરકારી છતી થતાં ગાંધીનગર રેન્જના સંનિષ્ઠ આઈ.જી.પી. હસમુખભાઈ પટેલે ઊંઝા પલિસ સ્ટેશનના પોલિસ ઈન્સ્પેકટર એમ.એચ. પુવાર, પોલિસ સબ ઈન્સ્પેકટર વી.એચ. ઠાકોર, એ.એસ.આઈ. માંડણભાઈ દેસાઈ અને એ.એસ.આઈ. રમેશભાઈ વાઘેલાને સસ્પેન્ડ કરી દીધા છે.


ઊંઝા પોલિસ મથકમાં ફરજ બજાવતા પો.ઈ., પો.સ.ઈ. અને બે આસી. સબ ઈન્સ્પેકટરો મળી કુલ ચાર પોલિસ અધિકારીઓને ફરજમાં બેદરકારી બદલ સસ્પેન્ડ કરવામાં આવતા સ્થાનિક પોલિસ તંત્ર સહિત જિલ્લાના પોલિસ બેડામાં ભારે ખળભળાટ મચી જવા પામ્યોછે. આ સાથે ફરજમાં બેદરકારી દાખવનારા પોલિસ કર્મીઓમાં પણ ફફડાટની લાગણી ફેલાઈ છે.

દરમિયાન ઊંઝા પોલિસ મથકમાં ફરજ બજાવતા ચાર પોલિસ અધિકારીઓને ફરજ મોકુફી હેઠળ ઉતારી દીધા બાદ સ્થાનિક પોલિસ મથકના સિનિયર પો.સ.ઈ. પટેલ નાદુરસ્ત તબિયતને કારણે રાતના સમયે જ રજા પર ઉતરી ગયા હતા તેવું જાણવા મળેલ છે. ઊંઝા પોલિસ મથકના ચાર પોલિસ અધિકારીઓ એક સાથે સસ્પેન્ડ થતાં સ્થાનિક પોલિસ મથકમાં સોપો પડી ગયો છે.

# ડીસા 'હેરીટેજ' : ૧૯૧ વર્ષ જુનું અંગ્રેજો નિર્મિત હવાઈ પીલ્લર

ડીસા, તા.૧૮

આજે વર્લ્ડ હેરીટેજ દિવસ છે.વિશ્વભરમાં ૧૮ એપ્રિલને વર્લ્ડ હેરિટેજ ડે તરીકે ઉજવવામાં આવે છે. ૧૯૬૫માં શરૂ કરાયેલી હેરિટેજ ડેની ઉજવણીના આ વર્ષે પચાસ વર્ષ પુરા કરશે. દરેક દેશ, પ્રદેશ



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

પાસે પોતાનો ઈતિહાય હોય છે. તેજ રીતે બનાસકાંઠા ના ડીસા માં પણ અંગ્રેજો દ્વારા ૧૮૨૪ માં સ્થાપિત હવામાન માપવા બનાવેલ 'હવાઈ પીલ્લર 'આજે પણ અડીખમ ઉભો છે. તે વખત ના અંગ્રેજો હવામાન માહિતી સાથે પ્રયાવરણ અને સ્વછ્તા પ્રત્યે જાગૃત અને સજાગ હતા અને માટેજ જયાં જયાં તેઓં વસવાટ કરતા હતા ત્યાં ત્યાં આવા હવાઈ પીલ્લર પ્રથમ હવામાન ની માહિતી માટે બનાવતા હતા.આજે વર્લ્ડ હેરીટેજ દિને. અંદાજીત ૧૮૧ વર્ષ જૂની આ એતિહાસિક ધરોહર જોતા તેનો ઈતિહાસ પુનઃ નજર સામે ધબકતો થાય છે

બનાસકાંઠા ના ડીસા શહેરમાં અંગ્રેજ શાસનની યાદગીરીના એક માત્ર સ્રોત એવા અને થોડા સમય પહેલા જર્જરીત અવસ્થામાં ઉભેલા અને તેબાદ સ્વર્ણિમ ગુજરાત વર્ષ અંતર્ગત ડીસા નગરપાલિકા દ્વારા નવા રંગ રૂપ સાથે પુનઃ જીવંત અને ધબકતો કરાયેલા આ હવાઈ પીલ્લર નો એક આગવો ઈતિહાસ છે.ઈતિહાસ માં ડોકિયું કરીએ તો ભારત માં અંગ્રેજો તેમના શાસન સમય માં જયાં રહેતા ત્યાં સ્વચ્છતા અને શુદ્ધ હવાના ખાસ આગ્રહી રહેતા હતા. જેમાં ડીસા બનાસ નદી કિનારે વસેલું હોઈ અને અહી પુષ્કળ -માણ માં પાણી અને વૃક્ષો હોઈ વર્ષ ૧૮૨૪ માં અંગ્રેજો એ અહી લશ્કરી છાવણી નાખી હતી અને વસવાટ કર્યો હતો. જેમાં સહુ પ્રથમ હવામાન ની માહિતી માટે અહી 'હવાઈ પીલ્લર 'બનાવવા માં આવ્યો હતો. તે સમયે બનાવાયેલ આ હવાઈ પીલ્લર માં હવામાન માપક યંત્રો પણ લગાવાયા હતા, અંગ્રેજો ગરમી સહન કરી શકતા નહિ, જોકે ઉત્તામ હવામાન ધરાવતું ડીસા તેમનું પસંદગી નું સ્થળ બનતા અહી તેમને હવાઈ પીલ્લર , હાથીખાનું , પલટન , જેવા અનેકો બાંધકામો પણ કર્યા હતા.

આ 'હવાઈ પીલ્લર ' સાથે ઈતિહાસ માં દબાયેલી એક પ્રેમ કથા પણ જોડાયેલી છે, અહી અંગ્રેજ બ્રિગેડીયર સ્મિથ રહેતા હતા તેવા સમયે તેમની પુત્રી ને ભારતીય મૂળના એક યુવક સાથે પ્રેમ થયો હતો, જોકે અંગ્રેજ પિતા સ્મિથે આ પ્રેમ સબંધ નો વિરોધ કરતા પ્રેમાશક્ત અંગ્રેજ યુવતી એ આજ હવાઈ પીલ્લર ઉપર ચઢી પોતાના પ્રેમ ની નિષ્ફળતા માટે અંતિમ ઉપાયે અહી થી છલાંગ લગાવી પોતાના જીવન નો અંત આણ્યો હતો, આ યુવતી નાં પાલતું સ્વાને પણ વફાદારી દાખવી તે સમયે અહીથી જ પોતાની માલિકીન પાછળ કુદી મોત ને વ્હાલું કર્યું હતું, આવી એતિહાસિક ધરોહરો ની જાળવણી થવી જોઈએ તેવું પર્યાવરણ -ેમી ડો. સુનીલ આચર્યે જણાવ્યુંહતું,

જોકે ખંડેર બનતા આ હવાઈ પીલ્લર ના નવીનીકરણ માટે ડીસા પાલિકા આગળ આવ્યું હતું.અને ૩ વર્ષ અગાઉ હવાઈ પિલ્લરની જાળવણી માટે તેમજ તેને પિકનીક પોઈન્ટ તરીકે વિકસાવવા માટે નગરપાલિકા દ્વારા રૂ. ૨૭.૪૬ લાખનો ખર્ચ કરાયો હતો,. સ્વર્ણિમ ગુજરાત વર્ષ અંતર્ગત ડીસા નગરપાલિકા દ્વારા વિકાસ કાર્યોને ધમધમતાં કરવામાં આવ્યા હતા, જેમાં હાઈવે વિસ્તારમાં આવેલ અને અંગ્રેજ શાસનની એકમાત્ર યાદગીરી રૂપ ઐતિહાસિક હવાઈ પિલ્લરની જાળવણી અને તે સ્થળના વિકાસ માટે પણ પાલિકા દ્વારા નાણાની કોથળી ખુલ્લી કરાઈ હતી. આ અંગે ડીસા નગરપાલિકા -મુખ વિપુલભાઈ શાહે જણાવ્યું હતું કે, 'હેરીટેજ હવાઈ પિલ્લરની જાળવણી અને સ્થળના વિકાસ માટે ૨૭,૪૬,૯૫૦ ખર્ચ કરાયો છે, જેથી હવાઈ પિલ્લરની યોગ્ય મરામત કરી તેની આજુબાજુ બગીચો, બાળ ક્રિડાગણ વગેરે બનાવી પિકનીક પોઈન્ટ ઉભો કરાયેલ છે, આ એતિહાસિક સ્મારક ની જાળવણી સહુ નાગરિકો ની છે.આજે સ્કુલોમાં પણ બાળકોએ 'વર્લ્ડ હેરીટેજ 'દિન નિમિત્તે ભારતીય સમારકોના ઈતિહાસ ને દોહરાવ્યો હતો





(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

## વડાગામના હિરાખાડી કંપાના જલારામ મંદિરમાં શ્રી રામપારાયણ યજ્ઞની ધામધૂમપૂર્વક ઉજવણી

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામ નજીક આવેલા હિરાખાડી કંપામાં શ્રી જલારામ સેવાધામના પટાંગણમાં પવિત્ર ચૈત્ર માસમાં શ્રી રામકથા પારાયણ જ્ઞાન યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હિરાખાડી કંપા, વડાગામ અને આજુબાજુના વિસ્તારના શ્રધ્ધાળુઓએ શ્રી રામકથાનું રસપાન કર્યુ હતું. ધનસુરા તાલુકાના વડાગામ નજીક આવેલા હિરાખાડી કંપાના જલારામ સેવાધામ મંદિરમાં ચૈત્ર વદ ૬ ને શુક્રવારના રોજ પોથીદાતા મનસુખભાઈ મુળજીભાઈ પટેલ (વડાગામ)ના નિવાસસ્થાનેથી પોથીયાત્રાનું ભવ્ય આયોજન કરી ધામધૂમપૂર્વક શ્રી જલારામ સેવા ધામ મંદિરે પહોંચી હતી જયાં શ્રી જયદેવ બાપુ દેવ મુરારી (તળાજાવાળા) મહારાજે કથાનું રસપાન ૭ દિવસ સુધી વડાગામ પંથક અને આજુબાજુના વિસ્તારના લોકોને કરાવ્યું હતું. આ રામકથા સપ્તાહ દરમિયાન ભરત પાદૂકા પૂજા, શ્રી હનુમાનજી પ્રાગટય ઉજવણી, રામેશ્વર પુજા, રામ રાજયાભિષેક આરતી અને દાતાઓના સન્માનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સતત ૭ દિવસ સુધી ચાલેલી રામકથાને સાંભળવા વડાગામ પંથકના ભકતજનો ઉમટી પડયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી જલારામ સેવાધામ સમિતિ હિરાખાડી કંપાના ટ્રસ્ટી શ્રી બાબુભાઈ સવદાસભાઈ માકાણી, નરસિંહભાઈ છગનભાઈ ઠાકોર, અરવિંદભાઈ ગોપાલભાઈ માવાણી, છગનભાઈ, વિઠ્ઠલભાઈ સેંઘાણી અને જયંતિભાઈ માકાણીએ કર્યું હતું.

## ડીસા-ધાનેરા તાલુકામાં ૬.૮૨ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ

બનાસકાંઠા જિલ્લાના ડીસા અને ધાનેરા તાલુકામાં ગુજરાત રાજય પછાત વર્ગ વિકાસ નિગમના અધ્યક્ષ જયંતિભાઈ બારોટના હસ્તે રૂ. ૬.૮૨ કરોડના ૬૮ જેટલા વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુર્હૂત કરવામાં આવ્યું હતું.

લોકાર્પણ અને ખાતમુર્હૂત થયેલ વિકાસકામોમાં સબસેન્ટરનું મકાન, આંગણવાડી કેન્દ્રનું મકાન, સી. સી. રોડ, કોમ્યુનિટી હોલ, પંચાયત ઘર વગેરેનો સમાવેશ થાય છે. જિલ્લા પંચાયતના -મુખ સુખદેવસિંહ સોઢા, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમના ડિરેકટર દિનેશભાઈ અનાવાડીયા, વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## નવલપુર પાટીયા પાસે એસઓજીની જીપને ટક્કર મારતા ટ્રકચાલક વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૧૮

હિંમતનગર તાલુકાના નવલપુર ગામના પાટિયા પાસે શુક્રવારે મધરાતે એસ.ઓ.જી. ની જીપને ઓવરટેક કરનાર ટ્રકના ચાલકે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જોકે અકસ્માતની ઘટનામાં જીપમાં બેઠેલા પી.એસ.આઈ. સહિત ચાર પોલીસ કર્મીઓનો આબાદ બચાવ થયો હતો. જયારે ટ્રક ચાલક ઘટના સ્થળેથી ભાગી છુટતા એસ.ઓ.જી.ના પી.એસ.આઈ.એ ટ્રક ચાલક વિરૂધ્ધ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

અકસ્માતની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર એસ.ઓ.જી.ના પી.એસ.આઈ. મહાવીરસિંહ એમ. સોલંકી, ચાલક માવજીભાઈ દેસાઈ, હરપાલસિંહ ચાવડા અને એ તેન્દ્રસિંહ રાઠોડ શુક્રવારે મધરાતે સરકારી જીપ નં. જી.જે.૯. જી.૪૯૯ ટીમ સાથે હિંમતનગર શામળાજી માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન મોડી રાત્રે જયપુર ગોલ્ડન લખેલ ટ્રકના ચાલકે એસ.ઓ.જી.ની જીપને ઓવરટેક કરી જીપને ટક્કર મારી નુકશાન પહોંચ્યું હતું. જો કે અકસ્માતની આ ઘટનામાં પી.એસ. આઈ. એમ.એમ. સોલંકી સહિત ચાર પોલીસ કર્મીઓનો આબાદ બચાવ થયો હતો. અકસ્માત બાદ ટ્રક ચાલક ઘટના સ્થળેથી ભાગી છુટ્યો હતો.

# સાત અધિક કલેકટરોની બદલી

રાજય સરકારે સાત જેટલા નિવાસી અધિક કલેકટરની બદલીના હુકમો જારી કર્યા છે.

| ક્રમ | નામ | હાલની જગ્યા | બદલીની જગ્યા |
|---|---|---|---|
| ૧ | સી.એમ. ગામીત | નિ. અધિક કલેકટર ડાંગ આહવા | ના.કમિશનર અને નિયામક પ્રીમીટીવ ટ્રાઈબ ગ્રુપ, ગાંધીનગર |
| ૨ | જે.કે. ગઢવી | ના. કમિશનર પ્રીમીટીવ ટ્રાઈબ ગ્રુપ, ગાંધીનગર | પ્રોગ્રામ ઓફીસર સ્ટેટ રૂરલ હેલ્થ મીશન |
| ૩ | આર.એમ. પગી | સંયુકત નિયામક શાખા કમિશનર | નિયામક સામાજીક સંરક્ષણ ગાંધીનગર |
| ૪ | એસ.જે. પટેલ | અધિક કલેકટર ઘુડખર અભ્યારણ્ય સુરેન્દ્રનગર | નાયબ કમિશનર જી.આર.એ. અમદાવાદ |
| ૫ | એચ.જે. દેસાઈ | નાયબ કમિશનર જી.આર.એ., અમદાવાદ | નિયામક રાહત |
| ૬ | એન.એમ. બારવે | ખાસ ફરજ પરના અધિકારી ખાણ ખનીજ કમિશનર કચેરી | નિયામક જિ.ગ્રા.વિ. એજન્સી મોરબી |
| ૭ | વાય.પી. જોષી | ઉર્જા મંત્રીના અંગત સચિવ | એડીશનલ કમિશનર કોમર્શિયલ ટેક્ષ અમદાવાદ |

## શબ્દાવલી - ૫૭૦૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ■ | ૨ | | ૩ | ૪ |
| | ■ | ■ | ૫ | | ■ | ૬ | |
| ૭ | | ■ | ૮ | | ■ | ૯ | |
| ■ | ■ | ■ | ૧૦ | | ૧૧ | | ■ |
| ૧૨ | ■ | ૧૩ | | ■ | | ■ | ૧૪ |
| ૧૫ | | | | ■ | | ■ | |
| | ■ | | ■ | ૧૬ | ■ | ૧૭ | |
| ૧૮ | | | | ■ | ૧૯ | | |

### આડી ચાવી

૧. ખેડૂત (૩)
૨. બીક લાગે તેવું, દર્દનાક(૪)
૫. મળી, વરસાદની... (૨)
૬. એક કઠોળ (મગ જેવું)(૨)
૭. સાચું, ઠીક (૨)
૮. સીધુ ન જાય બીજે કયાંક થઈને જવાનું હોય તેવું (૨)
૯. રેતનું મેદાન (૨)
૧૦. પાયમાલ (૪)
૧૩. સ્ટાઈલ (૨)
૧૫. ઠેલણગાડી, લારી (૪)
૧૬. સવારમાં તાજગી માટે... પીવાય (૧)
૧૭. પાયજામો, લેંઘો, એક વસ્ત્ર (૨)
૧૮. વરદાન આપનાર દેવી (૪)
૧૯. ચાબુક (૩)

### ઊભી ચાવી

૧. પ્રયોગ, તરકીબ, ઇલાજ(૩)
૨. ચારણ કુળની એક દેવી(૪)
૩. મર્દાનગી વિનાનો (૪)
૪. કડક, પોચુંનું વિરોધી (૩)
૫. જીમ્મેવારી (૫)
૧૧. ફોડવાનો દારુ (૩)
૧૨. દેવોના દેવ, શિવ (૪)
૧૩. અલગ, જુદા (૪)
૧૪. ચિત્રકાર (૪)
૧૭. જઠર, શરીરનું એક અવયવ (૨)

### શબ્દાવલી ૫૭૦૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) તકમરીયા (૫) રસમ (૬) રાજગુરુ (૧૦) ખાખરા (૧૧) નાસમજ (૧૪) આવાગમન (૧૮) માચડો (૨૦) રીજ (૨૧) સુમસામ (૨૩) વેદાંત (૨૫) મન (૨૬) લટાર

**ઊભી ચાવી :-** (૧) તરખાટ (૨) કસખ (૩) મમરા (૪) યારાના (૭) જસ (૮) ગુમસુમ (૯) રૂજ (૧૨) જુઆ (૧૩) આચમન (૧૫) વારી (૧૬) ગજવેલ (૧૭) નડતર (૧૮) માસૂમ (૧૯) ડોસા (૨૨) મની (૨૪) દાંટા

# કડી તાલુકામાં ૩૨ કરોડના વિકાસ કામોના ખાતમુર્હુત કરાયા

મહેસાણા, તા.૧૮

મહેસાણા જિલ્લામાં ગતિશીલ ગુજરાત અંતર્ગત વણથંભી વિકાસ યાત્રાના ત્રીજા તબક્કામાં રાજયના મહિલા કલ્યાણ અને ઉચ્ચ શિક્ષણમંત્રીશ્રી પ્રો.વસુબેન ત્રિવેદી દ્વારા વિકાસના કામોના ખાતમુર્હુત કરવામાં આવ્યા હતા. જેમાં માર્ગ અને મકાન મંત્રીશ્રી નિતીનભાઈ પટેલ દ્વારા મંજુર કરાયેલ ૧૫ કરોડ રૂપિયાના ખર્ચે કડીનંદાસણ રોડ ૦૭ મીટરથી ૧૦ મીટર પહોળો કરવા અને કડી, કરણનગર, વામજ રોડ રીસરફેસીંગ અને બ્લોક કલવર્ટની કામગીરી ૦૪ કરોડના ખર્ચે થનાર છે. જેથી કુલ મળી ૩૨ કરોડ રૂપિયાના વિકાસના કામોનું ખાતમુર્હુત મંત્રીશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું

આ પ્રંસગે ઉપસ્થિત મહિલા અને બાળ કલ્યાણ રાજયમંત્રીશ્રી પ્રો. વસુબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે વિકાસની વાતને મુખ્યમંત્રીશ્રીએ ગતિશીલ ગુજરાતના માધ્યમથી વેગવંતી બનાવી છે. ગુજરાતે લોકભાગીદારીનું સમગ્ર દેશમાં ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે. ગરવા ગુજરાતીઓ સંવેદના થકી જનમાનસને ઉજાગર કર્યું છે. ગુજરાતને સાચા અર્થમાં નંદનવન બનાવી રામરાજયનું સ્વપન સાકાર થઈ રહ્યું છે.

નિર્મળ ગુજરાત, વાંચે ગુજરાત, નીરોગી ગુજરાત, ખેલે ગુજરાત થકી આપણે વન્દે ગુજરાતને સાર્થક કરવા તરફ પ્રયાણ કરી રહ્યા છે. રાજયના ખેડુતપુત્રી મુખ્યમંત્રીશ્રીએ સિંચાઈના ૦૭ ટકા દરનો વધારો મુલતવી રાખી ખેડુતલક્ષી નિર્ણય કર્યો છે. કૃષિક્ષેત્રની જેમ શિક્ષણક્ષેત્રે ગુજરાત પ્રગતિ કરી રહ્યું છે. રાજયમાં ૧૧ યુનિ ઓથી વ્યાપ વધીને આજે બાવન થઈ છે. પેટ્રોલિયમ યુનિ થકી ઉધોગોનો વિકાસ, ચિલ્ડ્રન યુનિ થકી બાળકોનો સર્વાંગી વિકાસ તેમજ સંસ્કૃત ભાષાને મહત્વ આપવા સંસ્કૃત સોમનાથ યુનિની શરૂઆત કરી છે.

આ પ્રસંગે સાંસદશ્રી જયશ્રીબેન પટેલે જણાવ્યું હતું કે રાજયમાં ગતિશીલ ગુજરાતના માધ્યમથી તેજ ગતિએ વિકાસ થઈ રહ્યો છે.દેશમાં છેવાડાનો માનવ આર્થિક રીતે સંપન્ન થાય તે દિશામાં -યત્ન થઈ રહ્યા છે. જનધન યોજના મારફ્તે દેશમાં ૧૬ કરોડ બેન્ક ખાતા ખોલવામાં આવ્યા છે. પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ અટલ પેન્શન યોજનામાં યુવાની વયે માસિક ૨૫૦ ભરવાથી ૬૦ વર્ષની વયે ૫૦૦૦ રૂપિયાનું પેન્શન મળે છે. આ ઉપરાંત મૃત્ય સમયે વારસદારને ૦૮ લાખ ૫૦ હજાર રૂપિયાની રકમ મળે છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## ખેડબ્રહ્માના બહેડીયા પાસેથી ૨૭ જીલેટીન સ્ટીક સાથે ત્રણ ઝડપાયા

ખેડબ્રહ્મા તાલુકાના બહેડીયા ત્રણ રસ્તા પાસેથી ગુરૂવાર રાત્રે ૯.૦૦ કલાકે પોલીસે ગેરકાયદેસર જીલેટીન સ્ટીક લઈ જતા એક ઈસમને ઝડપી પાડ્યો હતો. ખેડબ્રહ્માના બહેડીયા ત્રણ રસ્તા પાસેથી ગુરૂવારે રાત્રે સવજીભાઈ લાડુભાઈ પારધી રહે. પાંણાઈ, નરસિંહભાઈ પ્રભુભાઈ ડાહ્યાણી રહે. ચીખલા, દિલીપભાઈ ઉદાભાઈ પારધી રહે. પાંણાઈ ટ્રેક્ટર નં. જીજે-૯-એ.એફ.૧૬૮૪ ટ્રેક્ટરમાં આધાર પુરાવા વગર એક્ષપ્લોઝીવનો સામાન ડીટોનેટર, જીલેટીન સ્ટીક(ટોટા) નંગ ૨૭ કિંમત રૂ. ૪૦૫, તથા કેપ નંગ ૨૭ કિંમત રૂ. ૨૭૦ મળઈ કુલ ૬૭૫ રૂપિયા તથા ટ્રેક્ટર રૂ. ૨ લાખ મળી કુલ ૨૦૦૬૭૫ નો મુદ્દા માલ ઝડપી પાડી ત્રણ ઈસમોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પાલનપુર અને દાંતીવાડા તાલુકામાં ૮.૮૦ કરોડના વિકાસકામોનું લોકાર્પણ

પાલનપુર, તા.૧૮

કેન્દ્રીય ગૃહ રાજયમંત્રીશ્રી હરીભાઈ ચૌધરીએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર અને દાંતીવાડા તાલુકાની મુલાકાત લીધી હતી. ગતિશીલ વિકાસયાત્રા અંતર્ગત મંત્રી હરીભાઈ ચૌધરીના હસ્તે આ બે તાલુકામાં રૂ. ૮.૮૦ કરોડના ૧૫ જેટલા વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુર્હૂત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં ક્રેદ્રીય ગૃહ રાજયમંત્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ કે વિકાસપુરૂષ તરીકે સમગ્ર વિશ્વમાં પ્રસિધ્ધ આપણા લોકપ્-િય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત ઝડપભેર સમૃધ્ધ અને શકિતશાળી દેશ બની વૈશ્વિક કક્ષાએ ગૌરવભર્યુ સ્થાન મેળવશે. તેમણે કહ્યું કે દેશની જનતાને વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી ઉપર અપાર વિશ્વાસ અને ઘણી અપેક્ષાઓ છે એટલે જ દેશની પ્રજાએ પ્રચંડ બહુમતીથી ચૂંટીને તેમને વડાપ્રધાનની મહાન જવાબદારી સોંપી છે. તેમણે કહ્યું કે સમગ્ર દેશભરમાં ઝડપી સર્વાંગી વિકાસ થાય અને તે સાથે પ્રજાની આવક અને સુખાકારીમાં પણ નોંધપાત્ર વધારો થાય તે માટે સરકારશ્રી દ્વારા સંગીન પ્રયાસો કરવામાં આવે છે.

લોકાર્પણ અને ખાતમુર્હૂત થયેલ વિકાસકામોમાં આંગણવાડી કેન્દ્રોનાં મકાન, મોડલ સ્કુલનું કામ, ઓઢવા-રાજકોટ રોડ પર બોક્ષ કલવર્ટનું કામ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન, પંચાયત ઘર વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રસંગે કલેકટર દિલીપ રાણા, પ્રાન્ત અધિકારી જે.બી.દેસાઈ, દાંતીવાડા તા. પંચાયત પ્રમુખ ઈશ્વરસિંહ સોલંકી, પાલનપુર તા. પંચાયત પ્રમુખ ધનજીભાઈ સોલંકી, અગ્રણીઓ સર્વશ્રી અમૃતભાઈ દેસાઈ, બાબુભાઈ મોદી, ઈશ્વરભાઈ પટેલ, હાથીભાઈ પટેલ, ઘેમરભાઈ ચૌધરી, કા.ઈજનેર પરમાર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી પી.સી.રાવલ, જીલ્લા શિક્ષણાધિકારી આર.કે. પટેલ સહિત અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ**
'વિદ્યાયન', સેક્ટર-૧૦ એ, ગાંધીનગર
**આંગડીયા સર્વિસ અંગેની ટેન્ડર નોટીસ - ૦૦૧**

કચેરી દ્વારા કુરિયર સર્વિસ અંગેની વર્ષ-૨૦૧૫-૧૬ની વાર્ષિક આંગડીયા સર્વિસનો કોન્ટ્રાકટ કરવાનો હોવાથી સદર કામગીરીમાં રસ ધરાવતી પાર્ટીઓ (નોન રીફંડેબલ) રૂ. ૧૦૦/- રોકડા જમા કરાવ્યાથી ટેન્ડર ફોર્મ કચેરીના સમય દરમિયાન મળી શકશે. નીચે જણાવેલ વિગતેથી સીલબંધ કવર્સમાં ભાવપત્રકો મંગાવવામાં આવે છે. સદર ભાવપત્રક કવર્સ ઉપર આંગડીયા સર્વિસ ટેન્ડર ઈસ્યુ ડોક્યુમેન્ટ કવર્સ અને ભાવપત્રક અંગેનું કવર્સ એમ દર્શાવી કચેરી ખાતે રજૂ કરવા જણાવવામાં આવે છે.

- ટેન્ડર ફોર્મ વેચાણ શરૂ કરવાની તા. ૨૧/૪/૧૫ સમય : ૧૬-૦૦ કલાકે
- ટેન્ડર ફોર્મ વેચાણ બંધ કરવાની છેલ્લી તા. ૫/૫/૧૫ સમય : ૧૬-૦૦ કલાકે
- ટેન્ડર ફોર્મના કવર્સ રજૂ કરવાની છેલ્લી તા. ૬/૫/૧૫ સમય : ૧૮-૦૦ કલાકે
- ટેન્ડર ફોર્મ ખોલવાની આખરી તા. ૭/૫/૧૫ સમય : ...........

(ડો. ભરત પંડિત)
નિયામક

માહિતી/૧૨૬/૨૦૧૫-૧૬

**ટચૂકડી જાહેર ખબર**

**પ્રાચિન રમત શિબિર**
સેક્ટર-૨૦, ગાંધીનગર
૨૫ થી ૩૦ એપ્રીલ ૨૦૧૫
**સંપર્ક : ૯૦૯૯૯૫૪૨૫૦**

**વેચવાનો છે બંગલો**
૨૨૬ વારના પ્લોટમાં ૨૬૭ વાર બાંધકામનો, પ્રમુખ પાર્ક વિભાગ-૨, પેટ્રોલીયમ યુનિવર્સિટી રોડ, રાયસણ, ગાંધીનગર
**રમણભાઈ-૯૮૨૫૪ ૧૩૧૪૪**
**કલ્પનાબેન-૯૪૨૭૫૨૨૪૯૯**